જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૧૦/૨૦૨૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૯૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૫૭ લીટર દેશી દારૂ, ૪૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૬૧ બિયર ટીન અને ૦૧ આયસર ગાડી કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૭૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૯૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૫૦૦/૨૦૨૫**

સોલા હાઈકોર્ટઃ કિરિટભાઇ નાથાલાલ પટેલ (ઉ.વ.૭૫) (રહે. સિધ્ધિ વિનાયક બંગ્લોઝ બેબીલોન ક્લબ રોડ સોલા) તા.૨૨/૧૦/૨૦૨૫ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે એક્ટીવા ચલાવી સોલા નીલગીરી સર્કલ સાગર સંગીત હાઇટ્સ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક ફોર વ્હીલ ગાડીના ચાલકે બુમ પાડી સરનામું પુછવાના બહાને કિરિટભાઈને તેમની ગાડી પાસે બોલાવી તે ગાડીમાં નગ્ન હાલતમાં એક પુરૂષ બેઠેલ હતો જે ઉજૈનના બાવા હોવાનું જણાવેલ. ત્યારબાદ બાવા જેવા લાગતા પુરૂષે આશિર્વાદ આપવાના બહાને કિરિટભાઈ નાઓનો હાથ ગાડીના દરવાજા ઉપર મુકાવી કિરિટભાઈનાઓએ પહેરેલ સોનાથી મઢેલી રુદ્રાક્ષની મણકાવાળી માળા કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/– તથા હાથમા પહેરેલ ડાયમંડવાળી સોનાની વીંટી કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૪,૫૦,૦૦૦/– ચેનકેન રીતે કાઢી લઈ ચોરી કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કિરિટભાઇએ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી